# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે 11 મહત્વની જાહેરાત કરી.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય અંદાજપત્રને વિકસિત ભારતના સંકલ્પને પાર પાડવામાં ચેતના આપનારું ગણાવ્યું.

3) વન રાજ્યમંત્રી મુકેશ પટેલે કહ્યું, "રાજ્યમાં જળવાયુ પરિવર્તન ક્ષેત્રે વિશ્વની પ્રથમ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરાશે."

4) સૌરાષ્ટ્ર અને ગુજરાતને જોડતા અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડને સિક્સ લેન બનાવવાની જાહેરાત.

5) જાન્યુઆરી મહિનામાં રાજ્યની વસ્તુ અને સેવા કર-જીએસટીની આવકમાં 17 ટકાનો વધારો નોંધાયો.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Budget Main Story -1

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં NDA સરકારની ત્રીજી મુદતનું પ્રથમ સંપૂર્ણ અંદાજપત્ર રજૂ કર્યું. અંદાજપત્રમાં મધ્યમ અને પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમ તથા એકંદર અર્થતંત્રનાં વિકાસ માટે અનેક જાહેરાત કરવામાં આવી છે.

નાણા મંત્રીએ જાહેરાત કરી કે, નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં માળખા પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ વેરો નહીં લાગે. 75 હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન ઉમેરતાં પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75 હજાર સુધીની વાર્ષિક આવક પર કોઇ વેરો નહીં લાગે.

સુશ્રી સીતારમણે નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં નવા માળખા દાખલ કર્યા, જે મુજબ ચાર લાખ રૂપિયાની આવક પર કોઈ વેરો નહીં લાગે. ચાર લાખથી આઠ લાખ રૂપિયાની આવક પર 5 ટકા અને 24 લાખથી વધુની આવક પર મહત્તમ 30 ટકા લેખે વેરો લાગશે. તેમણે કરમાળખા સુધારાને વિકસિત ભારતનાં લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં મહત્વનો સુધારો ગણાવ્યો. વરિષ્ઠ નાગરિકો માટે કર કપાત મર્યાદા 50 હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે.

અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વની જાહેરાતો અંગે સાંભળીએ અહેવાલ........1

(વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

# Budget Main Story -2

અંદાજપત્રમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી. સ્ટાર્ટ અપ માટે ક્રેડિટ ગેરન્ટી કવર 20 કરોડ રૂપિયા કરાયું છે.

આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્ર અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્ર સ્થાપવામાં આવશે. ઉપરાંત, જળ જીવન મિશનને વર્ષ 2028 સુધી લંબાવવાની, એક લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથે શહેરી પડકાર ભંડોળ સ્થાપવાની, કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવાની અને મેડિકલ કોલેજોમાં 10 હજાર વધારાની બેઠકોની પણ જાહેરાત કરવામાં આવી છે.

સુશ્રી સીતારમણે જણાવ્યું કે, આગામી પાંચ વર્ષ માટે પ્રથમ વખતના ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને 2 કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન અપાશે.

તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી અપાશે. તેમણે શાળાઓમાં 50 હજાર અટલ ટિકરિંગ લેબ સ્થાપિત કરવાની જાહેરાત પણ કરી. ગિગ વર્કર્સ માટે ઇ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આનાંથી દેશનાં એક કરોડથી વધુ ગિગ વર્કર્સને સામાજિક સુરક્ષાનો લાભ મળશે.

ઉડાન યોજના હેઠળ આગામી 10 વર્ષમાં 120 વિમાન મથકોનું નિર્માણ કરાશે. ભારતને વૈશ્વિક રમકડાં કેન્દ્ર બનાવવા માટે આગામી વર્ષમાં પગલાં લેવાશે.

. . . . . . . . . . . . .

# CM AND RUSHIKESH PATEL ON BUDGET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય અંદાજપત્ર 2025-26ને વિકસિત ભારત 2047ના સંકલ્પને પાર પાડવામાં ચેતના આપનારું ગણાવી આવકાર્યું હતું. તેમણે કહ્યું, "રાજ્યની ભાગીદારીથી દેશના ઓછી ઉત્પાદકતા ધરાવતા 100 જિલ્લામાં શરૂ થનારી પ્રધાનમંત્રી ધન-ધાન્ય યોજનાથી એક કરોડ 70 લાખ ખેડૂતોને મદદ મળશે અને ગ્રામીણ વિકાસને વેગ મળશે."

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે ઉંમેર્યું, "મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટીની જાહેરાત રાજ્યના કપાસના ખેડૂતો માટે લાભદાયી બનશે.

રાજ્યનાં નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું, દરિયાઈ ઉદ્યોગ માટે લાંબા ગાળાના ધિરાણ માટે 25 હજાર કરોડની જોગવાઈ સાથે દરિયાઈ વિકાસ ભંડોળની જાહેરાતથી મત્સ્ય ઉદ્યોગને લાભ થશે.

(બાઈટઃ નાણામંત્રી, કનુ દેસાઈ)

આ તરફ રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્ર અને કેન્સરની સારવાર માટે ડે-કૅર કેન્દ્ર સ્થાપવાની જાહેરાતને આવકારી હતી.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી )**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# RAGHAVJI PATEL ON BUDGET

કેન્દ્રીય અંદાજપત્રમાં પ્રથમ એન્જીન તરીકે કૃષિક્ષેત્રને પ્રાધાન્ય આપવા બદલ કૃષિમંત્રી રાઘવજી પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રધાનમંત્રી ધાન-ધન્ય કૃષિ યોજના, કપાસ અને કઠોળની ઉત્પાદકતા વધારવાના નવા પ્રયાસ રાજ્યના ખેડૂતો માટે લાભદાયી નીવડશે તેમ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું, નવા ત્રણ મિશન અમલમાં મૂકાયા બાદ રાજ્યના ખેડૂતોની આવકમાં વધારો થશે.

. . . . . . . . . . . . .

# GCCI Reactions

ગુજરાત વેપારી મહામંડળ-GCCIએ અંદાજપત્રને આવકાર્યું છે. સંસ્થાના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે, આ બજેટ ભારતના આર્થિક ભવિષ્ય માટેનો સ્પષ્ટ માર્ગ દર્શાવે છે.

જ્યારે GCCIના વરિષ્ઠ ઉપ-પ્રમુખ રાજેશ ગાંધીએ જણાવ્યું કે, સરકારે નિકાસને પ્રોત્સાહિત કરવા નોંધપાત્ર પગલા લીધા છે. ઉપ-પ્રમુખ અપૂર્વ શાહે શટલ વગરની લુમ્સ પરની આયાત જકાત મુક્તિની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . .

# INTER STATE FOREST MEETING- DANG

રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે કહ્યું, “ચંદનના વૃક્ષોની તસ્કરી રોકવા રાજ્ય સરકાર લેઝર ફેન્સિંગનો પાઈલટ પ્રૉજેક્ટ શરૂ કરશે. તેમજ રાજ્ય સરકાર A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધમત્તા ટેક્નોલૉજીનો ઉપયોગ કરી લાકડાની તસ્કરી રોકવા વિચાર કરી રહી છે. ડાંગના સાપુતારા ખાતે આંતરરાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની વન સંરક્ષણ અંગેની બેઠકમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે રાજ્યમાં જળવાયુ પરિવર્તન ક્ષેત્રે વિશ્વની પ્રથમ વિશ્વ-વિદ્યાલયની સ્થાપના કરવાની પણ જાહેરાત કરી હતી.

(બાઈટઃ મુકેશ પટેલ, વન રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# SARDAR PATEL RING ROAD

સૌરાષ્ટ્ર અને ગુજરાતને જોડતા 76 કિલોમીટર લાંબા સરદાર પટેલ રિંગ રોડને બે હજાર બસો કરોડ રૂપિયાનાં ખર્ચે છ માર્ગીય એટલે કે, સિક્સ લેન બનાવાશે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ- ઔડાના સ્થાપના દિવસ નિમિત્તે આજે કરાયેલી જાહેરાતથી અંદાજે એક લાખ વાહનચાલકનો સમય બચશે અને ટ્રાફિકમાંથી રાહત મળશે તેમ અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું.

ઉપરાંત ભાટ સર્કલ, ચિલોડા સર્કલ તથા અસલાલી સર્કલ પર થતા ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખી સિક્સ લૅન અંડરપાસ તથા હયાત ત્રાગડ અંડરપાસની બંને તરફ બીજા ડબલ નવા અંડરપાસ બનાવાશે. જ્યારે રિંગ રોડ પર તમામ હયાત વાહન અંડરપાસ-VUPની પહોળાઈ વધારવા તથા છ નવા ફૂટ ઑવરબ્રિજ પણ બનાવાશે.

. . . . . . . . . . . . .

# GST INCOME

જાન્યુઆરી મહિનામાં રાજ્યની વસ્તુ અને સેવા કર-જીએસટીની આવકમાં 17 ટકાનો વધારો નોંધાયો છે. ગત મહિને રાજ્યને જીએસટીની 6 હજાર 873 કરોડ રૂપિયાની આવક થઈ છે. જ્યારે વેટ એટલે કે વેલ્યુ એડેડ ટેક્સ હેઠળ 2 હજાર 856 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ 998 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 21 કરોડની આવક નોંધાઈ છે. નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ દસ મહિનામાં રાજ્યના કર વિભાગને જીએસટી સહિતના વેરાથી કુલ 98 હજાર કરોડથી વધુની આવક થઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું જણાવ્યું છે. છેલ્લા ચોવીસ કલાકમાં રાજયનું સૌથી ઓછું લઘુત્તમ 9 ડિગ્રી સેલ્સિયસ  તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક પર 11, બનાસકાંઠાના ડીસામાં 12, જુનાગઢનાંકેશોદમાં 13 ડિગ્રી, તો અમરેલી, પોરબંદર, રાજકોટ અને ગાંધીનગરમાં 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# ADIJATI MADHMAKHI

રાજ્યના આદિજાતિ વિસ્તારના મધમાખી પાલકોને વિનામૂલ્યે મધમાખીની બે હાઈવ્સ અને કૉલોની અપાશે. સહાયલક્ષી યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના 14 જિલ્લાના 53 આદિજાતિ તાલુકાના મધમાખીપાલકો, સ્વસહાય સમૂહ, સખીમંડળ, ખેડૂત ઉત્પાદક સંગઠન- FPO અને ખેડૂત ઉત્પાદક કંપની- FPCના આદિજાતિ સભાસદને વિનામૂલ્યે આ સુવિધા અપાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

યોજનાનો લાભ મેળવવા મધમાખીપાલકો આગામી સાત ફેબ્રુઆરી સુધી આઈ-ખેડૂત પૉર્ટલ પર અરજી કરી શકશે. ઉપરાંત અરજી કરીને તેની પ્રિન્ટ જરૂરી દસ્તાવેજ સાથે જેતે જિલ્લાના નાયબ બાગાયત નિયામકની કચેરીએ સમયમર્યાદામાં મોકલવાની રહેશે.

. . . . . . . . . . . . .